**<u>મે. નિઝર જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.સાહેબની કોર્ટમાં, મુ.–નિઝર .</u>**

ફોજદારી કેસ નં.1300/2025
આંક– 05

ફરીયાદી – શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી – શ્યામલાલ કમુ ભીલ

ગુનો :– **<u>પ્રોહિ એકટ કલમ–૬૬(૧)બી અને એમ.વી. એકટ કલમ–૧૮૫ મુજબ</u>**

***<u>––ચુ કા દો––</u>***

(૧) ફરીયાદ પક્ષ તરફથી આરોપી સામે પ્રોહિ એકટ કલમ–૬૬(૧)બી અને એમ.વી. એકટ કલમ–૧૮૫ ના ગુનાની ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે અને હાજર આરોપીને કેસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કરી તેમના વિરૂધ્ધના ગુનાની હકીકત વાંચી, સંભળાવી ગુના સબબની પ્લી લેતા ઉપરોકત આરોપીએ પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનુ જણાવી, ગુના કબુલાત પુરસીસ આ કામે રજુ કરેલ છે.

(૨) સદર કામના કેસ પેપર્સ વંચાણે લીધા. કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લીધી. આરોપીની ગુના કબુલાત અને તે અંગેની પુરસીસ વંચાણે લીધી. નામ. ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવરચંદ હરચંદજી ઠાકોર, ૨૦૦૫(૧), જી.એલ.આર.પાના નં.૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લીધો. સદર કામે આરોપીએ ગુનાની કબુલાત અંગે જે કારણો દર્શાવેલ છે તે જોતા આરોપી ગરીબ ઈસમ છે અને તેમના શિરે કુંટુબના ભરણપોષણની જવાબદારી છે. તેઓનો આ પ્રથમ ગુનો છે અને ફરીથી આવો ગુનો કરશે નહી તેમ જણાવે છે અને આરોપીએ ગુના બાબતે પસ્તાવો વ્યકત કરેલ છે. કાયદાનો હેતુ ગુનાને ડામવાનો છે, ગુનેગારને ડામવાનો નથી તથા ગુનેગારને સુધરવાની તક આપી સમાજમાં તેને સન્માનપુર્વક જીવન મળે તેવો કાયદાનો હેતુ છે તથા ઉપરોકત ચુકાદા અનુસાર આરોપી ઉપર દયા બતાવી હળવી સજા કરવા માટેના પુરતા ગણી શકાય તેવા કારણો છે તેમ આ કોર્ટનું માનવુ છે તેમજ આજ રોજ સદર કામે આરોપીની કબુલાત તથા દયા અરજ ગાહય રાખી અને કાયદાની સજા કરવા પાછળનો સુધારાત્મક હેતુ ધ્યાને રાખી આરોપીને હળવી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય રહે તેમ હોઈ આથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>॥ હુ ક મ ॥</u>**

આ કામના આરોપીને પ્રોહિ એકટ કલમ–૬૬(૧)બી અને એમ.વી. એકટ કલમ–૧૮૫ અન્વયે મુજબ ના ગુનામાં તકસીરવાન ઠરાવી પ્રોહિ એકટ કલમ–૬૬(૧)બી અને એમ.વી. એકટ કલમ–૧૮૫ મુજબ ના ગુનાના ભંગ બદલ દંડ રૂપિયા 500/–( અંકે રૂપિયા પાંચસો પુરા) અને જો દંડ ન ભરે તો દિન–૭(સાત) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.14–03–2026
નિઝર

(અશ્વિનકુમાર મોહનલાલ શુકલા)
જ્યુડી.મેજી.ફ.ક.,નિઝર
જજ કોડ:જીજે૦૧૩૬૪.

રસીદ નં..................... થી રૂ. ૫૦૦ (અંકે રૂપિયા પાંચસો પુરા)
દંડ પેટે જમા લીધા.
તા. 14–03–2026

NAZIR
Civil Court, Nizar